હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

# ઉદીચ્ય

સળંગ અંક : ૮૮૧, વર્ષ : ૩૭, અંક : ૧૦
૧૬–મે, ૨૦૨૬

HNGU HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN
Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

* શિક્ષણ એ એક સેતુ છે જે પેઢીઓને જોડે છે, ભૂતકાળના શાણપણને સાચવે છે, વર્તમાનની નવીનતાઓને અપનાવે છે અને ઉજ્જવળ અને વધુ પ્રબુદ્ધ ભવિષ્ય માટે માર્ગ મોકળો કરે છે.

* શિક્ષણના વિશાળ બગીચામાં, શિક્ષકો એવા ખેડૂતો છે કે જેઓ ધીરજથી જ્ઞાનના બીજ વાવે છે, તેમને માર્ગદર્શન સાથે પાણી આપે છે, અને તેમના વિદ્યાર્થીઓ જેમ જેમ જ્ઞાનવાન વ્યક્તિમાં ખીલે છે તેમ જુએ છે.

* શાળાએ તકોનો દૂરબીન છે, જ્યાં વિદ્યાર્થીઓ તેમની જુસ્સોની શોધ કરે શકે છે, તેમની પ્રતિભા શોધી શકે છે, અને અનંત શક્યતાઓના દરવાજાને અનલોક કરી શકે છે.

– શૈક્ષણિક સુવિચારો

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦ શિક્ષણના માળખામાં ટેક્નોલોજી સાથેના સમન્વયનું સમર્થન કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. ડિજિટલ ઈન્ડિયાની પહેલ સાથે સાંકળીને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે શિક્ષણક્ષેત્રે ઈન્ફર્મેશન ટેકનોલોજીના સમાવેશને પ્રોત્સાહન આપ્યું છે. 'ફોર્મ એક વિકલ્પ અનેક' – ગુજરાત કોમન એડમિશન સર્વિસ (GCAS) એ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત રાજ્યના નિયંત્રણ નીચે આવતી સરકારી યુનિવર્સિટીઓ દ્વારા આપવામાં આવતી વિવિધ વિદ્યાશાખાઓમાં પ્રવેશની નોંધણી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા માટે શરૂ કરવામાં આવેલું એક દૂરંદેશીપૂર્ણ પોર્ટલ છે. આ પોર્ટલ રાજ્ય સરકારના કોમન એડમિશન પોર્ટલ તરીકે સેવા આપે છે, જેમાં એક જ છત્ર હેઠળ આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, રૂરલ સ્ટડીઝ અને અન્ય તમામ વિદ્યાશાખાઓનો (મેડીકલ/પેરામેડીકલ, એન્જિનીયરીંગ કાઉન્સિલ સિવાયની) સમાવેશ થાય છે. જી.સી.એ.એસ. (GCAS) એ ગુજરાત રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીઓ, ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી કોલેજો, ગ્રાન્ટ–ઈન–એઈડ કોલેજો અને પબ્લિક યુનિવર્સિટીઓ સાથે સંલગ્ન સેલ્ફ ફાઈનાન્સ કોલેજો માટે વન–સ્ટોપ સોલ્યુશન છે.

- વિદ્યાર્થીઓને ઉપલબ્ધ અભ્યાસક્રમોને લગતી માહિતી, તેમજ રાજ્યભરમાં તેમને જે તે અભ્યાસક્રમ સંલગ્ન કોલેજો અને યુનિવર્સિટીઓની માહિતી મેળવવી સરળ બનશે.
- જી.સી.એ.એસ.ને કારણે વિદ્યાર્થી એક જ વખત ફી ચૂકવીને કોઈપણ યુનિવર્સિટી કે કૉલેજ ખાતેના અભ્યાસક્રમો માટે અરજી કરી શકે છે.
- રાજ્યમાં ઉપલબ્ધ વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લાગતા સમય અને પ્રયત્નોમાં નોંધપાત્ર ઘટાડો.
- ગુજરાત રાજ્યની કોઈ પણ યુનિવર્સિટી કે કોઈ પણ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ અરજી કરી શકે તે માટે સમાન કે એકીકૃત સમયમર્યાદા.

આ પોર્ટલ દ્વારા વિદ્યાર્થી તથા વાલીઓને અલગ–અલગ કોલેજમાં પ્રવેશ ફોર્મ ભરવામાંથી મુક્તિ મળશે અને એક ફોર્મ ભરી ચોઈસ આપી શકે છે. જેનાથી સમય અને નાણાં નો બચાવ થશે. દરેક સંભવિત વિદ્યાર્થીઓમાં આ માહિતી પ્રસરે એવી સર્વે લોકોને પ્રાર્થના આ પોર્ટલ ઉપર રજીસ્ટર થવાની લિન્કમાં જવું. https://gcas.gujgov.edu.in/

વર્ષ ૨૦૨૬ – ૨૭ માટેની પ્રવેશ પ્રક્રિયાની નોંધણી અંડર ગ્રેજ્યુએટ (UG) કોર્સ માટે રજીસ્ટ્રેશન ૭મી મે ૨૦૨૬ થી શરૂ થશે અને ૨૮મી મે ૨૦૨૬ સુધી ચાલશે. પ્રથમ રાઉન્ડ ટેકનિકલ પ્રોસેસિંગ ૨૯ મે થી ૧ જુન ૨૦૨૬ સુધી યુનિવર્સિટીઓ દ્વારા કરવામાં આવશે અને પ્રવેશ ફાળવણી (રાઉન્ડ – ૧) ૦૨ જુન થી ૬ જુન દરમ્યાન થશે. વિદ્યાર્થીઓએ પોર્ટલ પર જઈને રજીસ્ટ્રેશન માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસાર નોંધણી કરવી. સૌ પ્રથમ સત્તાવાર વેબસાઈટ gcas.gujgov.edu.in પર જવું. 'Apply Now' પર ક્લિક કરીને 'Quick Registration' ફોર્મમાં માગેલ માહિતી નામ, ઈમેલ આઈડી અને મોબાઈલ નંબર જેવી વિગતો આપી પ્રક્રિયા પૂર્ણ કરવી. રજીસ્ટ્રેશન માટે જનરલ કેટેગરી – ૩00/– અને SC, ST, OBC, EWS કેટેગરી માટે ૧૫૦/– ફી ચૂકવવાની રહેશે. રજીસ્ટ્રેશન પછી વિદ્યાર્થીઓને Unique Login ID અને Password આપવામાં આવશે, જેના દ્વારા લોગિન કરીને સંપૂર્ણ ફોર્મ ભરી શકશો. આ પોર્ટલ દ્વારા તમે ગુજરાતની ૧૫ જેટલી સરકારી યુનિવર્સિટીઓમાં B.A., B.Com., B.Sc., B.Ed., અને અન્ય ૧૦૦ થી વધુ સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકશો. આ નોંધણી માટે ધોરણ–૧૦ અને ૧૨ ની માર્કશીટ (JPG/PDF ફોર્મેટમાં, ૨૦૦ KB થી ઓછી સાઈઝ), પાસપોર્ટ સાઈઝનો ફોટો અને

સહી, જાતિનો દાખલો (જો લાગુ પડતો હોય તો) તેમજ આધાર કાર્ડ વગેરે ડોક્યુમેન્ટ જરૂરી છે.

જો તમને રજીસ્ટ્રેશન દરમિયાન કોઈ મુશ્કેલી જણાય, તો તમે નીચેના માધ્યમોનો સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધી સંપર્ક કરી શકો છો. ટેકનિકલ હેલ્પલાઈનઃ ૦૭૯–૨૨૮૮૦૦૮૦, AI એજન્ટ હેલ્પલાઈનઃ +૯૧ ૭૯૬૯૭૯૯૬૮૦ GCAS (Gujarat Common Admission Services) એ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલું એક કોમન પોર્ટલ છે, જે રાજ્યની વિવિધ સરકારી યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટે 'સિંગલ વિન્ડો સિસ્ટમ' તરીકે કામ કરે છે. રાજ્યની સૌથી મોટી યુનિવર્સિટી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં વિવિધ ફેકલ્ટી હેઠળના તમામ અભ્યાસક્રમમાં ૧,૧૬,૦૦૦ જેટલી બેઠકોમાં પ્રવેશ માટે GCAS પોર્ટલ ઉપર નોંધણી કરાવવી ફરજીયાત છે. યુનિવર્સિટી ખાતે અને વિવિધ કોલેજોમાં રજીસ્ટ્રેશન માટે હેલ્પ સેન્ટરો કાર્યરત કરવામાં આવેલા છે. વિદ્યાર્થી પોતાના નજીકના હેલ્પ સેન્ટર ઉપર રૂબરૂ ફોર્મ ભરી શકશે. જે માટે નિયત કરેલી રજીસ્ટ્રેશન ફી સિવાય અન્ય વધારાની કોઈ ફી હેલ્પ સેન્ટર ખાતે ચુકવવાની રહેશે નહી.

૧૭ મી મે ગુજરાત રાજ્યની ૭૦૦ કરતા વધુ સંલગ્ન કોલેજો ધરાવતી આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય ના નામ સાથે જોડાયેલ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનો સ્થાપના દિવસ. ૧૯૮૬માં રોપાયેલા બીજથી આજે વટવૃક્ષ બનેલ યુનિવર્સિટીનો મુખ્ય ધ્યેય ઉચ્ચ શિક્ષણમાં અધ્યયન – અધ્યાપન અને સંશોધનની પ્રવૃતિઓને વેગ આપવાનો છે. યુનિવર્સિટી નવા નવા આયામો સિધ્ધ કરવા બદલાતા પ્રવાહો સાથે તાલમેલ મેળવી 'આપણી યુનિવર્સિટી આપણું ગૌરવ' સૂત્ર સાર્થક કરવા સમર્પિત સૌ શિક્ષણવિદો અને યુનિવર્સિટી સાથે જોડાયેલ તમામ કર્મચારી ગણને સ્થાપના દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છુ. આપણે સૌ સાથે મળી યુનિવર્સિટીના સર્વાંગીણ વિકાસ માટે કટિબધ્ધ બની હકારાત્મક અભિગમ સાથે નૈતિક જવાબદારીથી કાર્ય કરીશું એજ અભ્યર્થના.

તા. ૧૬-૦૫-૨૦૨૬
પાટણ.

પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા
કુલપતિ

# કૉલેજ ન્યુઝ

## ઉજવણી



✻ ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને એમ.એ.પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુરના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા સપ્તાહ ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વક્તા તરીકે ડૉ. રાણા બાવળિયા અને પરબતકુમાર નાયી હાજર રહ્યા હતા. આ બંને વક્તાશ્રીએ માતૃભાષા વિશે અને તેમના કાવ્ય વિશે વાત કરી હતી. મુખ્ય અતિથિ તરીકે સુનિલભાઈ શાહ હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમ ડૉ. રમેશકુમાર બી.પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતી વિભાગના અધ્યાપક ડૉ. ગણપત ચૌધરી અને ડૉ. આકૃતિ પંચાલ દ્વારા કરવામાં આવ્યો હતો.



✻ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને ડી.ડી. ચોકસી કૉલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, પાલનપુરના સંયુક્ત ઉપક્રમે તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિ.ડૉ. નીલુ ઘોષે ઉપસ્થિત મહેમાનશ્રીનું હાર્દિક સ્વાગત કર્યું તેમજ વક્તાશ્રીનો પરિચય કરાવી વિશ્વ માતૃભાષાના મહત્ત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત ડૉ. આકૃતિબેન પંચાલે વિશ્વ માતૃભાષા દિવસ ૨૧ ફેબ્રુઆરીએ કેમ ઉજવવામાં આવે છે અને તેની શરૂઆત કેવી રીતે થઈ તેની વિગતવાર માહિતી આપી. તેમણે ગુજરાતી ભાષાના વિવિધ સાહિત્ય સ્વરૂપો તથા તેમાં સર્જન કરનાર અગ્રણી સાહિત્યકારો વિષે રસપ્રદ માહિતી રજૂ કરી. નરસિંહ મહેતા, મીરાબાઈ, નર્મદ, પન્નાલાલ પટેલ, ઉમાશંકર જોષી, રાજેન્દ્ર શાહ વગેરે સાહિત્યકારોએ રચેલી સાહિત્ય કૃતિઓની સવિસ્તર માહિતી આપી હતી. ઉપરાંત, આધુનિક ટેકનોલોજીના યુગમાં સાહિત્ય સર્જનની નવી શક્યતાઓ અંગે પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું, જેના પરિણામે વિદ્યાર્થીઓમાં માગૃભાષા માટે જાગૃતિ આવી હતી.



✻ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને ધી સર્વોદય નાગરિક સહકારી બેંક લિમિટેડ મહિલા આર્ટ્સ કૉલેજ, હિંમતનગરના સંયુકત ઉપક્રમે માતૃભાષા સપ્તાહ અંતર્ગત તા–૧૬–૨–૨૬ના રોજ માતૃભાષા મહોત્સવ–૨૦૨૬ની ઉજવણી કરવામા આવી હતી. આ પરિસંવાદના પ્રારંભે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ. ભાગ્યેશ જહાનો શુભેચ્છા સંદેશ સાથે પ્રિ.ડૉ. નાઝીમાબેન શેખે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. વક્તા ડૉ. મંજુલાબેન ખેર અને

ડૉ. દિનેશ ભોયાએ વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રિન્સીપાલશ્રી અને NAAC CO-Ordinatorના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



※ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ ઍન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં પ્રિ. ડૉ.સી.એમ.ઠક્કરના અધ્યક્ષ સ્થાને તેમજ માર્ગદર્શન હેઠળ તા. ૧૩-૧-૨૦૨૬ ના રોજ માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ અંગેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ.વી.બી.ખમારે પ્રાસંગિક ઉદ્બોધન કરેલ તેમજ જનરલ હોસ્પિટલ સિદ્ધપુરમાંથી મહેમાન તરીકે પધારેલ દર્શનાબેન નાગર અને જ્યોતિબેન પઢિયારને આવકાર્યા હતા. દર્શનાબેન નાગરે માનસિક સ્વાસ્થ્ય અંગેની માહિતી આપી તેમજ સોશિયલ મીડિયાના લીધે માનસિક સ્વાસ્થ્ય પર પડતી અસર વિશે માહિતી પૂરી પાડી હતી.




※ શ્રી બી.પી.બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝામાં તા. ૧૩-૧-૨૦૨૬ ના રોજ પરંપરાગત રીતે ઉત્તરાયણ પર્વની ઉત્સાહભરી ઉજવણી કરવામાં આવી હતી. પ્રિ.ડૉ. રાવના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ અને પરંપરા નો ભાવ વિકસાવવાનો હતો. વિદ્યાર્થીઓ દ્વારા રંગબેરંગી પતંગો ઉડાવવાની પ્રવૃત્તિ ઉત્સાહભેર ઉજવાઈ. કાર્યક્રમના અંતે તલ-ચીકી, લાડુ જેવી પરંપરાગત મીઠાઈઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.



※ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ.ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝા ખાતે તા. ૧૨-૧-૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય યુવા દિનની ઉજવણી કરવામાં આવી હતી. વક્તા તરીકે ડૉ. નવીનભાઈ પ્રજાપતિએ સર્વે વિદ્યાર્થીઓને વિવેકાનંદજીના વિચારો આત્મસાત કરવા હાકલ કરી હતી. તેમને વિદ્યાર્થીઓમાં સ્વામી વિવેકાનંદજીના જીવન પ્રેરણાથી 'વ્યક્તિત્વ, કતૃત્વ અને ગુરુત્વ' નિર્માણ કરી પોતાની અંદર સ્વામી વિવેકાનંદને જગાડવાનો જોમ ભર્યો હતો.



※ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ હોમસાયન્સ કૉલેજ, મહેસાણા ખાતે સરકારશ્રીના પ્રકલ્પ ઇનોવેશનની CAN-DO ACTIVITY તરીકે તા.૧૨-૦૧-૨૦૨૬ ના રોજ 'રાષ્ટ્રીય યુવા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં 'નિબંધ' અને 'ઓન ધ સ્પોટ પોસ્ટર મેકિંગ સ્પર્ધા'માં કુલ ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્વામી વિવેકાનંદના વિચારોની આજ-કાલ, યુવાશક્તિ અને વિશ્વશાંતિ, યુવા અને આધ્યાત્મિકતા અને સમાજસેવા, યુવા અને ટેકનોલોજી, યુવા અને ઇનોવેશન, યુવા અને સ્વચ્છતા જેવા વિષયો પર વિદ્યાર્થીઓએ મૌલિક વિચારો આલેખી અને નિબંધ અને પોસ્ટર મેકિંગ ઉપક્રમ જીવંત બનાવ્યો હતો. કૉલેજના પ્રાધ્યાપિકા ડૉ. અંજુ સુરાણા, પ્રા.માલવિકા મહેતા, ડૉ.નરેન્દ્ર પટેલ અને ડૉ.નંદા જાડેજાએ વિદ્યાર્થીઓના આ સર્જનનું ઝીણવટથી અવલોકન કર્યું હતું. ઇનોવેશન કલબના કો-ઓર્ડિનેટર ડૉ. પ્રજેશ મિસ્ત્રી અને કો-ઓર્ડિનેટર ડૉ. હરેશ ગોળે સમગ્ર પ્રવૃત્તિઓનું આયોજન અને સંચાલન કર્યું હતું.



※ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં વિવેકાનંદ સ્ટડી સેન્ટર અંતર્ગત પ્રિ.ડૉ. સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય યુવા સપ્તાહ નિમિત્તે સ્વામી વિવેકાનંદજીની ૧૬૩મી જયંતિ રાષ્ટ્રીય યુવા દિન- ૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રિન્સીપાલશ્રી દ્વારા વિદ્યાર્થીઓને રાષ્ટ્ર નિર્માણ, નૈતિક મૂલ્યો, આત્મવિશ્વાસ, શિસ્ત અને સેવાભાવના સંદર્ભે સ્વામી વિવેકાનંદને આદર્શ માની યુવાનોને પોતાનું વ્યક્તિત્વ વિકસાવવા પ્રેરક ઉદ્બોધન કર્યું હતું. કોમર્સ વિભાગના અધ્યક્ષ પ્રા.ડૉ. ચિરાગકુમાર રાવલ દ્વારા 'સ્વામી વિવેકાનંદના વિચારો અને આજના યુવાનો...' વિશે પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રા. ડૉ. સ્નેહલતાબેન ગામીત, પ્રા. ફિરદોસબેન મકરાણીએ જેહમત ઉઠાવી હતી.

## કાર્યક્રમ



❊ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં તા. ૫–૧–૨૦૨૬ના રોજ કેસીજી, શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર દ્વારા ફિનિશિંગ સ્કૂલનો આરંભ પ્રિ.ડૉ. સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ યોજાઈ ગયો. પ્રિન્સીપાલશ્રી દ્વારા કેસીજી દ્વારા નિયુક્ત એચ. કુમાર એજન્સીના એમ્પેનલ ટ્રેનર પ્રશાંતભાઈ પંડ્યાને આવકારી ફિનિશિંગ સ્કૂલની સફળતા અને મહત્ત્વતાનો ખ્યાલ સમજાવ્યો હતો. ફિનિશિંગ સ્કૂલની વિશેષ માહિતી કોમર્સ વિભાગના અધ્યક્ષ અને ફિનિશિંગ સ્કૂલના કો–ઓર્ડીનેટર ડૉ. ચિરાગ રાવલ દ્વારા આપવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમમાં સ્વ મૂલ્યાંકન, ટીમ વર્ક, સેલ્ફ ડીસીપ્લીન, રોજગારી માટે જરૂરી આવડતો જેવી કે રિઝ્યુમ– બાયોડેટા લેખન, બોડી લેંગ્વેજ, ટાઇમ મેનેજમેન્ટ, પ્રેઝન્ટેશન સ્કીલ, ઇન્ટરવ્યુ સ્કીલ, નેતાગીરીના ગુણ, ઇન્ટ્રોડકશન, અંગ્રેજી ની મૂળભૂત આવડત વગેરેનો લાભ વિદ્યાર્થીઓને થશે. કૉલેજના બી.એ. અને બી.કોમ. માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કેસીજી દ્વારા ૮૦ કલાકની તાલીમ એમ્પેનલ ટ્રેનર દ્વારા આપવામાં આવે છે.




❊ મણીબેન એમ.પી.શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીમાં IQAC અને મનોવિજ્ઞાન વિભાગ અંતર્ગત તા. ૨૦–૧૨–૨૦૨૫ના રોજ WORLD MEDITATION DAYનું આયોજન કરવામા આવેલ. આજની દોડધામ ભરેલી જિંદગીમાં દરેક વ્યક્તિને Mental Stress ખૂબ જ હોય છે. નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીના માનસિક હાલતની સુરક્ષા માનસિક સ્વાસ્થ્ય જાળવણી માટે National Task Forceની રચના કરવામાં આવી છે. જેના થકી MEDITATION જેવા કાર્યક્રમ કૉલેજમાં રાખવામાં આવે તો વિદ્યાર્થીનું માનસિક સ્વાસ્થ્ય સારું રહે. તે હેતુથી Art of Living Foundation કડીના સહયોગથી તેમના યોગ શિક્ષક ડૉ. અલ્કાબેન પટેલ અને યોગિતાબેને અમારી સંસ્થાની વિદ્યાર્થિનીઓને MEDITATION કરાવેલ તેમજ MEDITATION દરરોજ જીવનમાં કરવાથી થતા ફાયદા અંગે વિસ્તૃત માહિતી આપી હતી.



❊ સરકારી વિનયન કૉલેજ, ભાભર ખાતે તા. ૧–૧–૨૦૨૬ના રોજ સૂર્યનમસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નવા વર્ષના પ્રારંભે વિદ્યાર્થીઓમાં આરોગ્ય જાગૃતિ, યોગ પ્રત્યે રસ અને સ્વસ્થ જીવનશૈલીનો સંદેશ પહોંચાડવાના ઉદ્દેશથી આ કાર્યક્રમ યોજાયો હતો. પ્રિ.ડૉ. વી.ટી. રાવલના માર્ગદર્શન અને પ્રેરણાથી ગણપતભાઈ પઢિયાર દ્વારા સૂર્યનમસ્કારની યોગ્ય પદ્ધતિ, ક્રમ અને શ્વાસોચ્છવાસની પ્રક્રિયા અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે સૂર્યનમસ્કારના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક લાભો અંગે પણ માહિતી આપી હતી. પ્રિન્સીપાલશ્રીએ પોતાના પ્રેરણાદાયી સંબોધનમાં જણાવ્યું કે નિયમિત યોગાભ્યાસ અને સૂર્યનમસ્કાર દ્વારા મનની એકાગ્રતા વધે છે, શરીર સ્વસ્થ રહે છે તથા જીવનમાં સકારાત્મકતા આવે છે. તેમણે વિદ્યાર્થીઓને રોજિંદા જીવનમાં યોગને અપનાવવાની અપીલ કરી હતી.



❊ શ્રી કે.આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજી ખાતે વિશ્વગ્રામના નિકેતનભાઈ અને એમની ટીમ દ્વારા મહાત્મા ગાંધીજીના વિચારો દર્શાવતું નાટક રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં સ્વચ્છતા, નાતજાતના ભેદભાવ, અસ્પૃશ્યતા નિવારણ વગેરે જેવા ગાંધીજીના ઉચ્ચ આદર્શો પર એક અદ્‌ભૂત નાટક રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં સ્પીપાના સ્થાપક અને પૂર્વ સચિવ ડંકેશભાઈ ઓઝાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત સૌને ગાંધી બાપુના આદર્શો દ્રષ્ટાંત સહિત રજૂ કરી એને અનુસરવા પ્રેરણા આપી હતી. કાર્યક્રમમાં ઝારખંડના સુપ્રસિદ્ધ લોક ગાયિકા મેઘા ડાલ્ટને વિશેષ ઉપસ્થિત રહી વિવિધ ભાષામાં અદ્‌ભૂત કંઠે પ્રભુસ્મરણ સાથે સુંદર કર્ણપ્રિય ગીત રજૂ કરી મંત્રમુગ્ધ કરી દીધા હતા. જેમાં મહાત્મા ગાંધીજીનો મહિમા ગાયો હતો અને સૌ શ્રોતાગણને શિક્ષણની સાથે સાથે કલાપ્રેમી બનવા હાકલ કરી હતી. મંડળના મંત્રી દિલીપભાઈ કટારાએ ઉપસ્થિત સૌ મહેમાનોને પુષ્પગુચ્છ અર્પણ કરી આવકારી આનંદની લાગણી વ્યક્ત કરી હતી.



❊ શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટસ એન્ડ એમ. એચ. ગુરૂ કોમર્સ કૉલેજ, ઊંઝા ખાતે તા. ૧-૧-૨૦૨૬ ના નવા વર્ષની શરૂઆતમાં વિદ્યાર્થીઓને માનસિક તથા શારીરિક સ્વાસ્થ્ય સંદર્ભે જાગૃતિ હેતુ સામુહિક સૂર્યનમસ્કાર કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ પ્રિ.ડૉ. રાકેશ રાવના માર્ગદર્શન હેઠળ સફળ રીતે કરવામાં આવ્યો હતો.

## ગૌરવ



શ્રી વી.આર. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણાના સ્પોર્ટ્સના વિદ્યાર્થીઓએ મ્યુનિસિપલ આર્ટસ એન્ડ અર્બન સાયન્સ કૉલેજના યજમાન પદે યોજાયેલ ઈન્ટર કૉલેજ નેટબોલ ટુર્નામેન્ટમાં ફરી એકવાર દબદબો દર્શાવી સતત ત્રીજા વર્ષે ચેમ્પીયનશીપ હાંસલ કરીને કૉલેજનું ગૌરવ વધાર્યું હતુ. પ્રિ.ડૉ. જે.કે. પટેલના માર્ગદર્શન હેઠળ નેટબોલના ખેલાડીઓને સ્પોર્ટ્સ કોચ ડૉ.મનીષ પટેલ દ્વારા નેટબોલ અંગે પ્રાયોગિક તેમજ સૈદ્ધાંતિક તાલીમ આપવામાં આવી હતી.

## પ્રવાસ




❊ મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા Knowledge Consortium of Gujarat, લર્નિંગ એન્ડ એક્ષ્પોઝર કમ સ્ટડી ટુર ફોર સ્ટુડન્ટ અંતર્ગત તા. ૨૭-૧-૨૦૨૬ના રોજ અમદાવાદમાં આવેલ B.M. Institute of Mental Health અને i-Hub Institute આ બન્ને સંસ્થાની વિદ્યાર્થિનીઓએ મુલાકાત લીધેલ. B.M. Institute of Mental Healthની મુલાકાતમાં વિદ્યાર્થિનીઓને, માનસિક અને શારીરિક ક્ષતિ વાળા બાળકોના નિદાન, ઉપચાર તેમજ સંસ્થામાં આવા બાળકોને જે પ્રકારનું શિક્ષણ આપવામાં આવે છે તેમજ સંસ્થામાં ચાલતા અભ્યાસક્રમ વિશે વિસ્તૃત માહિતી સંસ્થાના સામાજિક કાર્યકર હિરેનભાઈએ આપેલ હતી. i-Hub Institute માં વિદ્યાર્થિનીઓએ ઇનોવેશન સ્ટાર્ટ-અપ વિશેની માહિતી મેળવી હતી. વિદ્યાર્થીનીઓને સ્ટાર્ટ-અપ માટે આર્થિક સહાય કેમ મેળવવી જુદા જુદા ક્ષેત્રે કેવા પ્રકારના સ્ટાર્ટ-અપ કરી શકાય કુલ ૭૨૦ સ્ટાર્ટ-અપની માહિતી ક્રીના મેડમે (i-Hub કો-ઓર્ડીનેટર ઇનોવેશન, સ્ટાર્ટ-અપ) આપી હતી.



❊ એમ.એ.પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુર દ્વારા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં અમદાવાદ ફ્લાવર શો, અટલબ્રીજ, ત્રિમંદીર અને અડાલજની વાવ જેવા સ્થળો બતાવવામાં આવ્યા હતાં. આ સમગ્ર પ્રવાસનું આયોજન પ્રિ.ડૉ. રમેશકુમાર પટેલના માર્ગદર્શન હેઠળ પ્રા.ડૉ.શ્રવણકુમાર ખારાણી, પ્રા.ભાવિકભાઈ ગોસ્વામી, ડૉ.આકૃતિ પંચાલ, ડૉ.ખુશ્બુબેન ચૌધરી અને પ્રા. હર્ષ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## વ્યાખ્યાન




❊ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે વી ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુર અને કવચ કેન્દ્ર અંતર્ગત ટ્રસ્ટના પ્રમુખ ડૉ. મહેશભાઈ મુલાણીના અધ્યક્ષ અને માર્ગદર્શન હેઠળ ૨૨મી વ્યાખ્યાનમાળાના સંદર્ભે સાયબર ક્રાઇમ અવરનેસ અંતર્ગત

વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખશ્રીએ અધ્યક્ષીય ઉદબોધન કર્યું હતું. ત્યારબાદ પ્રિ.ડૉ. સી.એમ.ઠક્કરે પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ અને વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ અંગે જાગૃત કર્યા હતા, તેમજ મહેમાનોને આવકારી સાલ અને પ્રતીકથી સન્માનિત કર્યા હતા. વક્તા નરેશભાઈ સુથાર જેમણે સાયબર ક્રાઈમ શું છે ? સાયબર ક્રાઈમના પ્રકાર, ડિજિટલ યુગમાં થતા ફ્રોડ અને તેના બચાવ માટેના પગલા વિદ્યાર્થીઓને જણાવ્યા હતા. જીગ્નાબેન સુથાર જેમણે હેકિંગ સિસ્ટમ સમજાવી સાયબર ક્રાઈમના પેટા પ્રકાર સમજાવી અને સાયબર ગુનો એક્ટ વિદ્યાર્થીઓને સમજાવ્યો હતો.

## વર્કશોપ



※ શ્રી સાર્વજનિક બી.એસ.ડબલ્યુ./એમ.એસ.ડબલ્યુ. કૉલેજ, મહેસાણા અને પ્રથમ ઈન્ફોટેકના સંયુક્ત ઉપક્રમે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અંતર્ગત વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્ફોટેકમાંથી ઈન્સ્ટિટ્યૂટ ફેલો માનસીબેન ચૌધરી, આશુતોષભાઈ શ્રીમાળી, કોમ્યુનિટી ફેલો લતાબેન સોલંકી, જીનલબેન સુતરીયા અને પ્રિ.ડૉ. કાંતિબેન ત્રિવેદી, અધ્યાપકો અને ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. કાંતિબેન ત્રિવેદી દ્વારા વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો શિક્ષણમાં ઉપયોગ અને ભારતીય જ્ઞાન પરંપરાના ઉપયોગ દ્વારા ક્રાંતિ લાવી શકાય છે જેની વિગતે સમજ આપી હતી. માનસીબેન ચૌધરી દ્વારા વિદ્યાર્થીઓને પ્રથમ ઈન્ફોટેક ફાઉન્ડેશનનો પરિચય આપી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ફંડામેન્ટલ કોર્સ અંગેની માહિતી આપવામાં આવી તથા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ઉપયોગીતા, ફાયદા અને ગેરફાયદા અંગે પણ સમજ આપવામાં આવી હતી.



※ શ્રી વી.આર. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણામાં આચાર્યશ્રી ડૉ.જે.કે. પટેલના માર્ગદર્શન હેઠળ બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે 30 કલાકના AI લર્નિંગ સર્ટિફિકેટ કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને કોમર્સ અને બિઝનેસમાં AI નો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ડિજિટલ દોસ્ત કંપની દ્વારા તેમને AI, કોમર્સ અને બિઝનેસ કરવા ભવિષ્ય અંગેનું શિક્ષણ આપવામાં આવ્યું હતું.

## શિબિર




※ શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ અને શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરા આયોજિત એન.એસ.એસ. વિભાગની વાર્ષિક શિબિર ઓગડ તાલુકાના ઇંદ્રમાણા ગામે પ્રિ.ડૉ. ડી.એસ. ચારણના માર્ગદર્શનમાં ઉદ્‌ઘાટન સમારોહ તા. ૨૮–૧–૨૦૨૬ ના રોજ ટ્રસ્ટના પ્રમુખ ધીરજભાઈ શાહના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. ‘બેટી બચાવો બેટી પઢાવો’ ની થિમ આધારિત શિબિરમાં ગામના સરપંચ, ઉપસરપંચ, પ્રાથમિક શાળાના આચાર્ય, જાગૃત નાગરિકો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ, શાળાના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સાત દિવસની શિબિરમાં આરોગ્યને લગતા કાર્યક્રમ, પ્રાકૃતિક ખેતી, પશુપાલન, પર્યાવરણની જાળવણી તેમજ અંધશ્રદ્ધા નિવારણ, લોકડાયરો, સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા લોકજાગૃતિનું કાર્ય કરવામાં આવ્યું હતું.



※ સાયન્સ એન્ડ કોમર્સ કૉલેજ, સતલાસણા દ્વારા તા. ૮ અને ૯ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન રમણીય અને પ્રાકૃતિક સંપત્તિથી ભરપૂર તારંગા હિલ ખાતે ગુજરાત ફોરેસ્ટ વિભાગના સહયોગથી પ્રાકૃતિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ૪૦ વિદ્યાર્થીઓએ વર્ગખંડ શિક્ષણથી અલગ પ્રકૃતિને પ્રત્યક્ષ માણવાનો અનુભવ કર્યો હતો. વર્ગખંડથી શરૂ થઈ વન સુધી જ્ઞાનસભર અને સાંસ્કૃતિક ઉલ્લાસ સાથે તીર્થંકર વન ભ્રમણ, ટ્રેકિંગ અને વનસ્પતિ પરિચય જેવા વિવિધ કાર્યક્રમો વચ્ચે બે દિવસીય શિબિર પૂર્ણ થઈ હતી. આ શિબિરને સફળ અને યાદગાર બનાવવા બદલ ગુજરાત ફોરેસ્ટ વિભાગ (તારંગા રેન્જ)ના અધિકારીશ્રીઓ, કૉલેજના ઉત્સાહી સ્ટાફગણ, માર્ગદર્શક અને કાર્યકારી પ્રિ. અમન જોશી એ ભારે જહેમત ઉઠાવી હતી.

## સ્પર્ધા




※ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટસ કૉલેજ, વિજાપુર ખાતે તા.૨૪–૧–૨૦૨૬ ના રોજ ગુજરાત સરકાર દ્વારા

રચાયેલ 'કવચ સેલ' (સાયબર ક્રાઈમ જાગૃતિ) માટે સ્લોગન રાઈટીંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં આઠ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. પ્રથમ ત્રણ વિજેતા બહેનોને ઇનામ તથા તમામ સ્પર્ધકોને પ્રોત્સાહક ઈનામ પણ આપવામાં આવ્યું હતું. ડૉ. આર.એ. પટેલ, ડૉ. જે.એમ. પટેલ તથા ડૉ. જે.કે. વોરાએ નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રિ.ડૉ. સુરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમસાયન્સ કૉલેજ, મહેસાણામાં કવચ યોજના અંતર્ગત 'સોશિયલ મીડિયા અને સાયબર જોખમો' વિષય ઉપર વકતૃત્વ સ્પર્ધા યોજાઇ હતી. કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓમાં સાયબર ક્રાઇમ અને સાયબર સુરક્ષા અંતર્ગત જાગૃતિ લાવવાનો હતો. વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો પણ સાયબર ફ્રોડ સામે જાગૃત થાય અને સાથે સાથે સમાજમાં પણ આ જાગૃતિનો ફેલાવો કરે તેવા ઉદ્દેશથી કાર્યક્રમો થતા હોય છે. આ વકતૃત્વ સ્પર્ધામાં ૧૨ વિદ્યાર્થિનીઓ જોડાઇ હતી. તેમાં પ્રથમ ત્રણ નંબરને ઇનામથી નવાજવામાં આવી હતી અને ભાગ લેનાર તમામને પ્રોત્સાહક ઇનામ આપવામાં આવ્યું હતું.



❊ શ્રેષ્ઠ અને ગુણવત્તાયુક્ત શિક્ષકોનું નિર્માણ કરવાના ઉદ્દેશ્ય સાથે, મહેસાણા સ્થિત સ્વામી વિવેકાનંદ સર્વોદય બેંક એજ્યુકેશન કૉલેજ ખાતે તારીખ ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ આંતર–કૉલેજ 'માઈક્રો ટીચિંગ કોમ્પિટિશન' (સૂક્ષ્મ શિક્ષણ સ્પર્ધા) નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો શુભારંભ સંસ્થાના આચાર્યશ્રી અને આમંત્રિત મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. સમગ્ર સ્પર્ધાનું સુંદર આયોજન અને સંચાલન સ્પર્ધાના કો–ઓર્ડીનેટર ડૉ. પથિક બારોટ અને ડૉ. પ્રશાંત પરિહાર દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના અંતે નિર્ણાયકો દ્વારા પ્રથમ ક્રમ પટેલ નંદિની (ડી. ડી. ચોકસી કૉલેજ ઓફ એજ્યુકેશન, પાલનપુર) દ્વિતીય ક્રમઃ બાવા કરણપુરી (શ્રી એન. એસ. દેસાઈ કૉલેજ ઓફ એજ્યુકેશન, ખેરાલુ) અને તૃતીય ક્રમ ચૌધરી આસ્થાબેન (સ્વામી વિવેકાનંદ સર્વોદય બેંક એજ્યુકેશન કૉલેજ, મહેસાણા) ને વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા હતા. સ્પર્ધકોએ વિષયવસ્તુની સચોટ રજૂઆત, શૈક્ષણિક સાધનોનો ઉપયોગ જેવા વિવિધ પાસાઓને આવરી લઈ પોતાની શિક્ષણ કળાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.



❊ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટસ એન્ડ એમ.એચ.ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝામાં સપ્તધારા અંતર્ગત સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અન્વયે તા. ૨૩–૧–૨૦૨૬ના રોજ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિ.ડૉ.રાકેશ રાવના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં સપ્તધારાના અધ્યક્ષ ડૉ. મહેશભાઈ જાનીએ વિદ્યાર્થીઓને પોતાની અંદર રહેલ સર્જનાત્મકતાને કેવી રીતે અભિવ્યક્ત કરવી તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા ના કન્વીનર ડૉ.સુનિતાબેન પટેલે કર્યું હતું.



❊ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે ૩૬મા 'કલ્પવૃક્ષ' યુવક મહોત્સવમાં એમ.એ.પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુરમાં આર્ટ્સ વિભાગ, ચિત્ર વિભાગ અને સંગીત વિભાગના વિદ્યાર્થીઓએ ડીબેટ સ્પર્ધા, વકૃત્વ, ક્વીઝ સ્કિટ અને માઈમ જેવી અલગ અલગ સ્પર્ધા માં ભાગ લીધો હતો. ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ અને પોસ્ટર મેકિંગમાં પરમાર આકાશે બંને સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો અને કાર્ટૂનિંગમાં પંચાલ યોગેશનો પ્રથમ ક્રમ આવ્યો હતો. ઈન્ડિયન ગ્રુપ સોંગ સ્પર્ધામાં દીપિકા જોષી, ઠાકોર ઋતુ, બારોટ ખુશાલી, સોલંકી સરોજા, બારોટ જય અને કુંવારીયા જતીન ઉત્તમ સંગીતની પ્રસ્તુતિ આપી દ્વિતીય સ્થાન હાંસલ કર્યું હતું. વેસ્ટર્ન ગ્રુપ સોંગ સ્પર્ધામાં ગોસ્વામી મિતેશ, કુંવરીયા જતીન, ઠાકોર યશ, દીપિકા જોષી, ઠાકોર ઋતુ અને બારોટ ખુશાલી તેમના ગાયન દ્વારા દ્વિતીય સ્થાન મેળવ્યું હતું તથા ક્લાસિકલ ઈન્સ્ટ્રુમેન્ટલ સોલો

પર્ક્યુસન સ્પર્ધામાં દરજી વિશ્વાસ એ દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરી કૉલેજનું નામ રોશન કર્યું હતુ. આ શાનદાર દેખાવ માટે ચિત્ર વિભાગના અધ્યાપક નરેન્દ્રભાઈ પટેલ અને બૈશાખી પટેલ સંગીત વિભાગના અધ્યાપક રજતભાઈ મહેતાના માર્ગદર્શન અને પ્રિ.ડૉ. રમેશભાઈ પટેલના પ્રોત્સાહનનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું.



❊ શ્રી વી.આર.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણાની સેમેસ્ટર ૬ની ત્રણ વિદ્યાર્થિનીઓ મિત્વા પ્રજાપતિ, મેઘા પ્રજાપતિ અને સ્નેહા પરમારે સિટી સી.યુ. શાહ કોમર્સ કૉલેજ, અમદાવાદ દ્વારા આયોજિત શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટેની રાજ્યસ્તરીય કોમર્સ આઈડલ સ્પર્ધામાં ભાગ લીધો હતો. છેલ્લા ૧૭ વર્ષથી સતત આયોજિત થતી આ સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાંથી કોમર્સના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## સેમિનાર



❊ પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ.ડી.પટેલ આર્ટ્સ કૉલેજ, કડીમાં આયોજિત બે દિવસીય નેશનલ સેમિનાર IKS ઈન્ડિયન નોલેજ સિસ્ટમ- પરંપરા, પરિવર્તન અને ચૂનોતી માં એમ.એ પરીખ ફાઈન આર્ટ્સ આર્ટ્સ કૉલેજ, પાલનપુરની સેમ.-૪ ની ત્રણ વિદ્યાર્થિનીઓ ફૂગસિયા કોમલ, પરમાર આરતી અને સાઈ નાજમીન એ ભાગ લીધો હતો. તેમની સાથે ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ. અશોક સુથારે આ સેમિનારમાં 'વેદ થી વેબ સુધી ભારતની બૌદ્ધિક યાત્રા' વિષય ઉપર પેપર રજૂ કર્યું હતું.



❊ સરકારી વિનયન કૉલેજ, ભાભર ખાતે તા. ૮-૧-૨૦૨૬ ના રોજ સાયબર જાગૃતિ દિવસ તેમજ મહિલા સુરક્ષા અને કાનૂની જાગૃતિ સેમિનારની ઉજવણી કરવામાં આવી હતી. આજના ડિજિટલ યુગમાં વધતા સાયબર ગુનાઓ તેમજ મહિલાઓની સુરક્ષા અને તેમના કાનૂની હકો અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે એસ.ડી. ચૌધરી એ પોતાના પ્રવચનમાં સાયબર ક્રાઈમ શું છે, ઓનલાઈન છેતરપિંડી, સોશિયલ મીડિયા પર થતી ઠગાઈ, ફેક કોલ, ફેક લિંક્સ, પાસવર્ડ સુરક્ષા જેવા વિષયો વિશે સરળ અને સમજાય તેવી ભાષામાં માહિતી સાથે આવા ગુનાઓથી બચવા માટે જરૂરી સાવચેતી રાખવા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. મહિલા સુરક્ષા અને કાનૂની જાગૃતિ વિષય પર પણ મહત્ત્વપૂર્ણ માહિતી આપી, મહિલાઓ માટે ઉપલબ્ધ કાનૂની સહાય, હેલ્પલાઈન નંબર, આત્મસુરક્ષા, તેમજ કોઈ પણ પ્રકારની અસમાજિક ઘટનામાં તાત્કાલિક ફરિયાદ કરવાની પ્રક્રિયા અંગે વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને નિર્ભય બની પોતાની સુરક્ષા માટે જાગૃત રહેવા પ્રેરણા આપી હતી. આ પ્રસંગે ભાભર પોલીસ સ્ટેશનના પી.આઈ. તેમજ પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## સબરસ

મકાન માલિક : મકાનનું ભાડું ચૂકવવા માટે હું તને ત્રણ દિવસની મહોલત આપું છું.

ભાડૂઆત : સારું, હું દિવાળી, હોળી અને ક્રિસમસ ત્રણ દિવસ પસંદ કરું છું.

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan

P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

Editor : Dr. Rajanikant Patel (University Librarian)

Published by : Dr. R.N. Desai, Registrar, H.N.G.U., Patan.

Printed by : Vinod Printery, Nr. Three Gate, Patan. • Mo. 9898576011

R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O

વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/- કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/-